ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0


# શપથવિધિ માટે તડામાર તૈયારીઓ

**નવા મંત્રીમંડળની શપથવિધિ માટે સચિવાલયમાં સજાવટ : ત્રણ ડોમ અને ગ્રીન રૂમ તૈયાર થઇ રહ્યા છે : શપથવિધિ માટે વિશિષ્ટ ડોમ અને જરૂરી ગ્રીન રૂમ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે : એરપોર્ટથી રાજભવન સુધીના માર્ગની એકબાજુએ બેરિકેટેસ લગાવામાં આવ્યા : સફાઇ તેમજ રંગરોગાનનુ કામ પણ ચાલી રહ્યુ છે**

ગાંધીનગર તા ૧૦

વિધાનસભાની ચુંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત હાંલસ કર્યા બાદ હાલ ગાંધીનગરમાં નવી સરકારના શપથવિધિ સમારોહને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહીત અન્ય રાજયના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ તેમજ ધર્મગુરુઓ ઉપરાંત અન્ય મહાનુભાવોની હાજરીમાં શપથવિધિ સમારોહ યોજવામાં આવનાર છે. હાલ હેલીપેડ ખાતે ડોમ તેમજ ગ્રીનરૂમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી એરપોર્ટથી રાજભવન માર્ગને એકબાજુ બેરિકેટીંગ કરી દેવાયો છે. આ ઉપરાંત આ રૂટમાં સફાઈ તેમજ રંગરોગાનનુ કામ પણ ચાલી રહ્યુ છે. શપથવિધિ સમારોહની તૈયારીને અનુલક્ષી વહીવટી તંત્ર પણ ગળાડુબ છે.





ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત થયા બાદ હવે નવા મંત્રી મંડળની રચના કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમની સરકારના મંત્રીમંડળના સભ્યો સાથે રાજીનામાનો પત્ર પણ રાજયપાલશ્રીને સુપ્રત કર્યો છે. જયારે ૧૪ મી વિધાનસભાનુ વિસર્જન કરવાના આદેશના અંતે નવા મંત્રીમંડળના શપથવિધિ સમારોહને અનુલક્ષી હવે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. નવી સરકારના શપથવિધીને અનુલક્ષી વિધાનસભા બિલ્ડીંગ નજીક સ્થિત હેલીપેડે મેદાન ખાતે ડોમ બનાવાયા છે જયારે ગ્રીન રૂમ પણ તૈયાર કરી દેવાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આ સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે. એકબાજુ પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી આ રૂટમાં પણ જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી સોમવારે બપોરે બે વાગે શપથ લેશે

**મંત્રીમંડળની રચનાને લઈ માર્ગદર્શન માટે પાટિલ અને પટેલ દિલ્હી જવા રવાના**

ગાંધીનગર, તા. ૧૦

સોમવારે રાજ્યના મુખ્યમંત્રી એકલા જ શપથ લેશે કે એમની સાથે પાંચેક મંત્રીઓ શપથ લેશે તેને લઈ પાટનગરમાં અટકળો તેજ બની છે.

સોમવારે બપોરે બે વાગે શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યુ છે. વિધાનસભા હેલિપેડ ખાતે શપથવિધિ સમારોહને લઈ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.




આજે ભાજપના નવા ચૂંટાયેલા સભ્યોની બેઠકમાં ભૂપેન્દ્રભાઈ પટેલની પક્ષના નેતા તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. આ પછી રાજ્યપાલશ્રીને નેતાની વરણી થયાની જાણ કરાતાં તેમણે પણ નવી સરકારની રચના અંગેનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

આ કામગીરી સંપન્ન થયા બાદ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી દિલ્હી જવા રવાના થયા છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે નવી સરકારની રચના અંગે પરામર્શ કરી તેઓ કાલે બપોરે પરત આવશે.

મળતા નિર્દેશો મુજબ હાલ રાજ્યના મુખ્યમંત્રી તેમજ તેમની સાથે પાંચથી સાત જેટલા મંત્રીઓનો શપથવિધિ સમારોહ યોજાશે. આ પછી જાન્યુઆરીના બીજા સપ્તાહ બાદ અને વિધાનસભાના સત્ર પૂર્વે મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવશે.

નવા મંત્રીમંડળમાં ૨૪ જેટલા સભ્યોને સમાવવામાં આવશે. આ ઉપરાંત પાંચેક સભ્યોને સંસદીય સચિવ બનાવવામાં પણ આવી શકે છે. જો કે આ બાબતે મોવડીમંડળ સાથે પરામર્શ કર્યા બાદ જ નિર્ણય કરવામાં આવશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં મંત્રીમંડળમાં કોને સ્થાન મળશે ? આખુ મંત્રીમંડળ શપથ લેશે કે પછી માત્ર મુખ્યમંત્રી અને પાંચેક સાથીઓ સાથે શપથ લેશે તેને લઈ અટકળો ચાલી રહી છે. જો કે ચિત્ર કાલે સ્પષ્ટ થશે તેમ પણ આ વર્તુળો કહી રહ્યા છે.

# નવા ચહેરાઓ માટે ઉજ્જવળ તક

**ભવ્ય જીત બાદ હવે મંત્રીમંડળની ગડમથલ : ભાજપ સામે મોટો પડકાર એ રહેશે કે નવા ધારાસભ્યો અને અગાઉની સરકારોમાં મંત્રી રહી ચૂકેલાઓમાંથી કોને સ્થાન આપશે**

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૫૬ બેઠકો મેળવીને બહુમત હાંસલ કરી છે. હવે ભાજપનું મોવડી મંડળ નવી સરકાર રચવામાં જોડાઈ ગયું છે. જોકે, નવા મંત્રીમંડળમાં કોને સ્થાન આપવું તેની ગડમથલ પક્ષમાં ચાલી રહી છે. મોટાભાગના પ્રદેશોમાં ભગવો લહેરાયો છે અને પક્ષને સમાજના અગ્રેસર વર્ગોનું પીઠબળ મળ્યું છે. એવામાં ભાજપે મંત્રી પદ વહેંચતી વખતે યોગ્ય સંતુલન જાળવવું પડશે. ઉલ્લેખનીય છે કે, સોમવારે એટલે ૧૨ ડિસેમ્બરે નવા મંત્રીઓ શપથ લેવાના છે. વિધાનસભાના ૧૮૨ સભ્યોમાંથી કેબિનેટમાં ૨૭થી વધુ સભ્યો એટલે કે ૧૫ ટકાને જ સ્થાન મળી શકે તેમ છે. આ સભ્યોમાં મુખ્યમંત્રીનો પણ સમાવેશ થાય છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી જાણકારી અનુસાર, નવા મંત્રીમંડળમાં પહેલીવાર ચૂંટાયેલા ધારાસભ્યો તેમજ અગાઉની ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિજય રૂપાણીની સરકારોમાં મંત્રી રહી ચૂકેલા ધારાસભ્યોનો સમન્વય કરવામાં આવશે. "નવા મંત્રીમંડળમાં ચારેય પ્રદેશોના પ્રતિનિધિઓને સ્થાન અપાશે. પાટીદાર, ઓબીસી, દલિત, મહિલાઓ જેવા સમાજના મહત્વના વર્ગોના નેતાઓને પણ નવા મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવી શકે છે", તેમ ભાજપના એક સીનિયર નેતાએ જણાવ્યું. ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના છે. આ સિવાય હર્ષ સંઘવી, જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કનુ દેસાઈ, રાઘવજી પટેલ, પૂર્ણેશ મોદી, જગદીશ વિશ્વકર્મા, મનીષ વકીલ, જીતુ ચૌધરી ગત સરકારમાં પણ મંત્રી પદે હતા અને હવે નવી સરકારના મંત્રીમંડળમાં પણ તેમના નામ ચર્ચાઈ રહ્યા છે. વિજય રૂપાણી સરકારના કેટલાક મંત્રીઓ જેવા કે, કુંવરજી બાળવિયા, જયેશ રાદડિયા, ગણપત વસાવા, પરશોત્તમ સોલંકી, કુમાર કાનાણી, શંભુજી તુંડિયા, મૂળુ બેરા સહિતના કેટલાક નામ ભાજપના વર્તુળમાં ચર્ચાઈ રહ્યા છે. દલિત નેતા રમણલાલ વોરાનું નામ પણ સ્પીકર પદ માટે ચર્ચામાં હોવાનું સૂત્રોનું કહેવું છે. ઓબીસી આગેવાનો શંકર ચૌધરી અને અલ્પેશ ઠાકોરનું નામ પણ સંભવિત મંત્રીઓ તરીકે ચર્ચાઈ રહ્યું છે. જે લોકો અગાઉ ક્યારેય મંત્રી બન્યા નથી પરંતુ હવે નવા મંત્રીમંડળમાં સ્થાન પામી શકે તેવા ચહેરાઓમાં રિવાબા જાડેજા, અમિત ઠાકર, બળવંતસિંહ રાજપૂત, ભીખુસિંહ પરમાર, કાંતિલાલ અમૃતિયા, મૂળુ બેરા, કૌશિક વેકરિયા, પી.સી. બરાન્ડા અને દર્શના દેશમુખના નામ વહેતા થયા છે.

# ૮૦ થી વધુ વયના ૨૩૦ વડીલ મતદારોએ ઘરેથી મતદાનનો વિકલ્પ સ્વીકાર્યો હતો

**૨૧૯ મતદારોએ જ આ સુવિધાથી મતદાન કર્યુ : પંચની સી.વીજીસ એપનો ઉપયોગ મતદારોએ કર્યો**

ગાંધીનગર, તા. ૧૦

કેન્દ્રીય ચૂંટણી પંચે ૮૦+ વય ધરાવતા તેમજ પીડબલ્યુડી મતદારો માટે ઘરેથી મતદાન કરવાની સુવિધા આપવા સહિત આ ચૂંટણીમાં ઘણી મહત્વની પહેલો કરી હતી.

જિલ્લામાં ઘરે બેસી મતદાન કરવા માગતા વડીલોની સુવિધાને લઈ તંત્રએ સર્વે કર્યો હતો પરંતુ આ પછી ઘણા બધા વડીલોએ તેમને પુરતી જાણકારી નહિ આપવામાં આવી હોવાનું તેમજ વિગતો લઈ ગયા પછી ફોર્મ નહિ મળ્યાની ફરિયાદો કરી હતી પરંતુ આ ફરિયાદોની સંખ્યા નહિવત હતી.

આ વખતે જિલ્લામાં ઘરે બેસી મતદાન કરવા માટે ૨૩૦ વડીલ મતદારોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ પરંતુ તેમાંથી માત્ર ૨૧૯ વડીલોએ જ મતદાન કર્યુ હતુ અને બીજાઓએ મતદાનથી અળગા રહેવાનુ પસંદ કર્યુ હતુ.

પંચે આદર્શ આચારસંહિતા માટે સીવીઝીસ એપ અમલી બનાવી હતી અને તેનો લોકોએ સારો લાભ પણ લીધો હતો. જિલ્લામાં ૪૦ થી વધુ ફરિયાદો આ એપ પર મળી હતી. જે ફરિયાદોનો ફરિયાદ મળ્યાની ૧૦૦ મિનિટમાં પગલાં પણ ભરવામાં આવ્યા હતા.

જિલ્લામાં ચૂંટણી દરમ્યાન જાહેર પ્રચાર અગ્રેસર રહ્યો હોવાથી પેટ્રોલ-ડિઝલ અને નાસ્તાનો ખર્ચ મોટો ઉમેદવારોને થયો છે. જો કે આખરી હિસાબો જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં રજુ કરવાનો રહેશે.

# જર્જરિત થયેલ પંચાયત સંકુલ માટે વૈકલ્પિક જગ્યા શોધવાની કવાયત હવે તેજ બનશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરી માટે વૈકલ્પિક જગ્યા શોધવાની કવાયત હવે સોમવારથી અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવશે.

કર્મયોગીભવન તેમજ મનપાની ખાલી થયેલી કચેરીના બે મજલા પસંદ કરવામાં આવે તેવી શક્યતાઓ સાથે તંત્ર દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની હાલની કચેરી જુની પુરાણી થઈ ગઈ છે અને તેને નોન યુઝ કરવા માટેની ભલામણ ઈજનેરી સંસ્થાઓએ કરી દીધી છે. ત્યારે વૈકલ્પિક જગ્યા માટેનો મુદ્દો હવે અગ્રતા ક્રમે પહોંચ્યો છે.

જિલ્લા પંચાયતમાં ભાજપ સત્તાધારી પક્ષ છે અને જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠક ભાજપે જીતી છે ત્યારે જિલ્લા પંચાયતના નવા સંકુલનો મુદ્દો ઝડપથી ઉકેલ પામશે તેવી આશા જિલ્લાના લોકોને જાગી છે.

જો કે જગ્યાના મુદ્દે તંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે વિવાદ છે પરંતુ આજે જગ્યાએ બહુમાળી મકાન બનાવવા માટે અને નવુ સંકુલ બને ત્યાં સુધી વૈકલ્પિક જગ્યાનો પ્રશ્ન ઝડપથી ઉકેલાશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયત સંકુલના ઘણા બધા પિલરોમાં તિરાડ પડી ગઈ છે તેમજ અહિ લોકોની રોજબરોજ કામ પડે તેવી કચેરીઓ સમાજકલ્યાણ શાખા શિક્ષણ વિભાગ ત્રીજા છે. અહિ લિફ્ટની પણ સુવિધા નથી. આ ઉપરાંત વારંવાર ટ્રીપીંગ થતાં વીજ વેરણ થવાની સતત ઘટનાઓ બની રહી છે.

જિલ્લા પંચાયત સંકુલમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની સંખ્યા જિલ્લાનો વિસ્તાર વધતાં વધી છે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખને બેસવા માટે ચેમ્બર નથી તેમજ સમિતિઓની બેઠક યોજવા માટે પણ સમિતિ ખંડ પણ નથી. આ સ્થિતિમાં નવુ સંકુલ હોય તે તાતી જરૂરિયાત છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ આ મુદ્દે ૭ જેટલા ઠરાવો પસાર કર્યા છે. પણ સરકારે આ પ્રસ્તાવો અભેરાઈએ ચડાવી દીધા છે હવે આ દિશામાં સકારાત્મક કાર્યવાહી ઝડપથી થાય અને ગાંધીનગરમાં જ નવુ સંકુલ બને એટલુ જ નહિ ઝડપથી વૈકલ્પિક જગ્યા મળે તે માટે તંત્ર અને ચૂંટાયેલી પાંખ દ્વારા સહિયારા પ્રયાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# પંચાયત કચેરીમાં મુવમેન્ટ રજીસ્ટર નહિ નિભાવનાર તલાટી સામે કાયદેસર કાર્યવાહી કરાશે

**ગ્રામીણ વિસ્તારોમાં વેરા વસુલીની કામગીરી અસરકારક થાય તે માટેની સૂચનાઓ પણ આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની તમામ પંચાયતોમાં તલાટીઓને મુવમેન્ટ રજીસ્ટર નિભાવવા અંગેની કડક સૂચનાઓ તંત્રએ આપી છે. આ માટે તાલુકા વિકાસ અધિકારીઓને પણ સૂચના અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં તલાટીઓ સેજા પર ફરજ દરમ્યાન હાજર નહિ રહેતા હોવાની વ્યાપક ફરિયાદો પછી સરકારે પણ આ બાબતને ગંભીરતાથી લીધી હતી અને ગ્રામ પંચાયતસ્તરે તલાટીઓનું મુવમેન્ટ રજીસ્ટર નિભાવવા માટેની સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં તલાટી સંવર્ગમાં ઘટ છે અને એકથી વધુ ગામનો ચાર્જ સંભાળવો પડી રહ્યો છે. હવે તલાટીઓએ તેઓની મુવમેન્ટને લઈ રજીસ્ટર નિભાવવાનું રહેશે. તાલુકા વિકાસ અધિકારીઓને પણ બેઠક માટે એક જ દિવસ ફિક્સ રાખવા અને તે સિવાય તલાટીઓને તાલુકામથક પર બોલાવવા નહિ તેવી કડક સૂચના આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આકસ્મિક તપાસ જિલ્લા દ્વારા કરવામાં આવશે અને હાજરી પુરવામાં અથવા અનિવાર્ય સંજોગોમાં મુવમેન્ટ રજીસ્ટર નિભાવવામાં આવ્યુ નહિ હોય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારોમાં વેરા વસુલીની કામગીરી પણ અસરકારક થાય તે જોવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. જે રીતે ગત મહેસુલી વર્ષ દરમ્યાન નબળુ ચિત્ર આવ્યુ છે તેને લઈ તંત્રએ હવે આ મુદ્દો પણ ગંભીરતાથી હાથ પર લીધો છે.

# ભાજપમાં પાંચ તબીબ-ડોક્ટરેટ, ૧૨ એલએલબી ધારાસભ્યો

**૨૩ સભ્યોએ ધો. ૧૨ અને ૨૪ સભ્યો ધો. ૧૦ તેમજ ૧૫ સભ્યો ધો. ૧૦ થી પણ ઓછુ ભણેલા**

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પક્ષના ચૂંટાઈને આવેલા ૧૫૬ ધારાસભ્યોમાં પાંચ તબીબ, પાંચ ઈજનેર અને પાંચ પી.એચ.ડી.ની પદવી ધરાવતા સભ્યો છે. બે સભ્યોએ એમ.બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે.

૧૫૬ નવા ચૂંટાયેલા સભ્યોમાં ૩૨ સભ્યો ગ્રેજ્યુએટ થયેલા છે. જ્યારે ૧૫ સભ્યો ધોરણ-૧૦ થી પણ ઓછુ ભણેલા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

પાંચ તબીબોમાં ડૉ. પ્રદ્યુમનસિંહ વાંજા, ડૉ. દર્શિતા શાહ, ડૉ. પાયલ કુકરાણી, ડૉ. દર્શના દેશમુખ અને ડૉ. હસમુખ પટેલનો સમાવેશ થાય છે.

પી.એચ.ડી.ની ડિગ્રી ધરાવતા સભ્યોમાં ડૉ. હર્ષદ પટેલ, ડૉ. મનીષા વકીલ, ડૉ. કુબેર ડિંડોર, ડૉ. મહેન્દ્ર પાડલિયા અને ડૉ. જયરામ ગામીતનો સમાવેશ થાય છે.

સભ્યોના અભ્યાસને લઈ થયેલા વિશ્લેષણમાં જણાયુ છે કે ૯ સભ્યોએ અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કર્યો છે. તો ૩૨ સભ્યોએ ગ્રેજ્યુએટ અને ૧૫ સભ્યો ડિપ્લોમાંનો અભ્યાસક્રમ કર્યો છે.

૨૩ સભ્યોએ ધો. ૧૨ અને ૨૪ સભ્યોએ ધો. ૧૦ તેમજ ૧૫ સભ્યો ધો. ૧૦ થી પણ ઓછુ ભણેલા છે.

વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે જેમાં ભાજપના વિક્રમજનક ૧૫૬ ઉમેદવારો વિજયી જાહેર થયા છે. ભાજપના નવા ચૂંટાયેલા ૧૨ સભ્યો એલ.એલ.બી.ની ડિગ્રી ધરાવે છે.

# શિયાળામાં પાણીનો વપરાશ ઘટતા સેક્ટરોના બોર પણ ૨ કલાક જ ચાલુ રાખવામા આવશે

**અગાઉ ૪ કલાક બોર ચાલુ રાખવામાં આવતા હતા : લાઈનમા લીકેજીસની સમસ્યા ડામવા વધારે પાણી ના ભરાય તે પણ અનિવાર્ય**

શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટી ગયો છે આવા સંજોગોમાં પાણીની લાઈનો ભરવા માટે કાર્યરત સેક્ટરના બોરને સવારના સમયે માત્ર બે કલાક જ ચાલુ રાખવામાં આવે છે હાલમાં સેક્ટરના બોરનું પાણી ઓછુ લેવા છતાં પાણી ની પોકાર કાને સંભળાતી નથી જયારે . વધારામાં હયાત જુની લાઈનો નબળી હોવાથી બોરનો સપ્લાય ઘટાડી દેવાતા લીકેજીસ ની સમસ્યા પણ હળવી થાય છે

શિયાળાની આકરી ઠંડીના દિવસોમાં શહેરમાં પાણીનો વપરાશ ઘટ્યો છે જયારે સપ્લાય ઘટાડી દેવાયો છે પાણીનો વપરાશ ઘટીને ૫૫ એમએલડીથી નીચે પહોંચ્યો છે. જે કાતિલ ઠંડીના દિવસોમાં વધુ ઘટીને ૪૫ એમએલડી થઈ શકે છે. પાણીના વિતરણની લાઈનો રાત્રી દરમિયાન ભરવામાં ન આવે અને સીધુ જ ટાંકીઓમાંથી પાણી છોડવામાં આવે તો પણ વાંધો ન હોવાથી મેન્ટેનન્સ પુરતા જ બોર ચલાવવાના રહે છે. આ સ્થિતિ શિયાળો ઉતરવા સુધી રહેશે. બાદમાં કેનાલમાંથી ઉપાડાતા નર્મદાના પાણીના જથ્થામાં વધારો કરી દેવાશે અને બોરના પાણીથી લાઈનો ભરવાનું રાબેતા મુજબ ચાલુ કરી દેવાશે.

સુત્રોએ કહ્યું કે પાટનગરમાં પાણીના વિતરણમાં પ્રેસરની સમસ્યા ઉકેલવા ગરમીના દિવસોમાં સેક્ટરોના બોર રાત્રે ૨ વાગ્યાથી ચલાવીને વિતરણની મેઈન લાઈનોને છલોછલ ભરી દેવાય અને ત્યાર બાદ નિયત સમયે ઉંચી ટાંકીઓમાંથી નર્મદાના પાણી છોડાય છે. પરિણામે છેવાડાના વિસ્તારોમાં પણ અંતિમ ઘર સુધી પુરા ફોર્સ સાથે પાણી પહોંચે છે. આમ પુરતા પ્રમાણમાં નર્મદાનું પાણી ખરીદવા છતાં અને પાણી ઉપલબ્ધ હોવા છતાં નગરવાસીઓ બોરનું અને નર્મદાનું પાણી સપ્લાય કરવામાં આવે છે . જો કે ઉનાળાના અંતે જ્યારે પાણીની ખેંચ નો અંત આવે ત્યારબાદ જરૂરતના પ્રમાણમાં સેક્ટરના બોર ચલાવવામાં આવે છે. જોકે તદ્દન બંધ રાખવામાં આવે તો બોરમા ખામી સર્જાવાની પણ સંભાવના હોવાથી એકાદ કલાક માટે પણ સેક્ટરોના બોર કાર્યરત રાખવામાં આવે છે







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com